# દિવાળીમાં ફટાકડા ફોડવા કે નહીં ?

ગાંધીનગર તા ૭

સેકટરોની શેરીઓમાં દિવ્ય ઉજાસ પાથરતા દિવાળી પર્વ ટાંણે આ વર્ષે કાળમુખા કોરોનાનુ ગ્રહણ લાગેલુ છે. જો કે દિવડાઓના ઉજાસથી કોરોનારૂપી અંધકારને દુર કરવાનો આ સોનેરી અવસર છે. બીજીતરફ કોરોનાકાળમાં દિવાળી પર્વ દરમિયાન ધમાકેદાર અને ધુમાડા ઓકતા ફટાકડાથી દુર રહેવાની સલાહ પણ નગરના અગ્રણીઓ આપી રહ્યા છે. કોરાના સંક્રમિત અને ફેફસાના દર્દીઓ ફટાકાના ધુમાડાથી વિશેષ પ્રભાવિત થાય છે. તેમના આરોગ્યનો વિચાર કરીને આ પ્રકારના ફટાકડા ન ફોડવા જોઈએ. દિવાળીએ કોમી એકલાસને પ્રતિત કરતો તહેવાર છે. હીન્દુઓ ફટાકડા ફોડે છે. અને મુસ્લિમ ભાઈઓ તેને બનાવે છે. આમ તો દેશમાં લગ્ન પ્રસંગે, ક્રીકેટ મેચમાં ટીમ વિજેતા બને ત્યારે પણ ફટાકડા ફુટવાનુ શરૂ થઈ જાય છે. એ તો ઠીક પણ ચુંટણીમાં પરાજય થઈને મોં વકાસીને ખુંણામાં બેઠેલા નેતાઓને પણ સામે પક્ષેથી આંતશબાજીના અવાજથી કાન બંધ કરવાની ફરજ પડતી હોવાના કિસ્સાઓ પણ વારંવાર આંખ સામે આવે છે... જો કે હાલ વાત દિવાળીની છે .. નિયમોના પાલનની છે.. ત્યારે આમ નાગરિકોની જનસુખાકારી માટે નિયમોનુ પાલન થાય તે અનિવાર્ય છે. તો આગામી પેટાચુંટણીના પરિણામ વેળાએ પણ નિયમો માત્ર નાગરિકો માટે જ નહી નેતાઓ માટે પણ હોય છે તેવુ ફીલ ગુડ.. થાય તે પણ અત્યંત જરૂરી છે. ખેર હાલ દિવાળીમાં સોશિયલ ડીસ્ટન્સ, અને માસ્ક સાથે સેનેટાઈઝરનો ઉપયોગ સાવધાનીથી કરવાનુ અનિવાર્ય છે. ત્યારે ફટાકડા પણ વિવેક બુધ્ધિથી ફોડવાનો મત બુધ્ધિજીવીઓએ રજુ કર્યો છે.

**પ્રદુષણ ફેલાય તેવી વસ્તુઓથી અળગા રહેવુ**



આગામી દિવાળીના તહેવારમાં અન્ય રાજયની માફક આપણે ગુજરાતમાં અને ખાસ કરીને ગાંધીનગરમાં ફટાકડા ફોડવા અને પ્રદુષણને ફેલાતુ અટકાવવા માટે વિશેષ સજાગ રહેવુ પડશે કોરોનાની મહામારીથી બચવા વધુ જાગૃત રહેવુ પડશે. ફટાકડા, ધુમાડા કરે તેવી વસ્તુઓથી અળગા રહીને પ્રદુષણ અટકાવવુ જોઈએ. આ ઉપરાંત તહેવારામાં મર્યાદા પાળવા તેમજ પ્રદુષણ ફેલાવતા ફટાકડા ફોડવા અને વેચાણ પર પ્રતિબંધ અનિવાર્ય છે.

**અરૂણ બુચ, પ્રમુખ શહેર વસાહત મહામંડળ**

●●●

**બાળકોને તહેવારનો આનંદ બીજી રીતે માંણતા શીખવીએ....**



તહેવારની સાથે પરંપરા જોડાયેલી હોય છે દિવાળી સાથે ફટાકડાની પરંપરા રહી છે. પણ સમય જતા એ પરંપરા વિશે વિચાર કરવો પડે આજે પ્રદુષણ એક મોટી સમસ્યા છે. ત્યારે બાળકોને આ બાબતે જાગૃત થાય અને ફટાકડાથી દુર રહે તે ઈચ્છનીય છે. તહેવારોનો આનંદ બીજી અનેક રીતે લઈ શકાય તો બાળકને એ રસ્તે વાળીએ સમજાવીએ કોરોનાકાળમાં એ જ સમજદારી ગણાશે

**ધ્વનિલ પારેખ, કવિ યુવા સર્જક**

●●●

**પેટા ચુંટણીના પરિણામ વેળાએ ફટાકડા ફુટશે કે કેમ ..જોઇશુ...!!**

ફટાકડા ફોડીને હીન્દુઓ પોતાના સૌથી મોટા પર્વની "ધમાકેદાર" ઉજવણી કરતા હોય છે. જયારે ફટાકડા બનાવી અને વેચીને મુસ્લિમ સહીત અન્ય કોમના ભાઈઓ પોતાના ઘરનુ ગુજરાન ચલાવતા હોય છે...અર્થતંત્રને આ ફટાકડા બજાર ભલે "રોકેટ"ની જેમ ઉંચે લઈ જઈ નથી શકતા પણ કોમી એકતાનો ખુબ જ મોટો સંદેશો આ ફટાકડામાં છુપાયેલો છે. તે વાત "કોઠી"ની જેમ આજે વાતે વાતે ઉશ્કેરાઈ જતી નવી પેઢીએ સમજવી પડશે... ફટાકડાના ધુમાડો કોરાના અને શ્વાસના દર્દીઓ માટે નુકશાનકારક છે તેમની તકલીફોમાં વધારો થશે તેવી ઘણા જ્ઞાનીઓએ વણપુછેલી સલાહની "ફુલજરી"ઓ કરી છે. તેમની વાત નજર અંદાજ કરવી ન જોઈએ




અને આવા દર્દીઓ જો આસપાસ હોય તો દુર ફટાકડા ફોડવા જોઈએ. ફટાકડાના ધુમાડાથી મેલેરિયા ચિકનગુનિયા અને ડેન્ગયુ જેવી બિમારીઓના મચ્છરોનો પણ ખાતમો થઈ જાય છે. તે બાબત તો મેલેરિયા વિભાગ પણ સ્વીકારે છે. તેથી કોઈ એક બાબત કોઈ માટે સારી તો અન્ય માટે ખોટી પણ હોઈ શકે તેથી વિવેકબુધ્ધિ વાપરી સરકાર તથા કોવિડના નિયમોનુ પાલન કરી સુરક્ષિત રીતે આ વખતે ઓછા પ્રમાણમાં ફટાકડા ફોડવા જોઈએ. તો દર્દીની વ્યથા અને પર્યાવરણના જતનની ફટાકડા ઉપરાંત અન્ય બાબતે પણ તમામે ચિંતા કરવી જોઈએ. દિવાળી પહેલા એટલે કે, આગામી તા ૧૦ મી એ ગુજરાતમાં પેટાચુંટણીના પરિણામો છે ત્યારે કયા ઉમેદવાર વિજયી બન્યા પછી જાહેરમાં ફટાકડા નથી ફોડતા તે પણ જોઈશુ.. બાકી નિયમો તો સામાન્ય જનતા માટે જ હોય છે... હેપ્પી દિવાલી .. એન્ડ સેઈફ દિવાલી ઈન એડવાન્સ...

**વિપુલ જોષી, પત્રકાર - ગુજરાત સમાચાર**

●●●

**વિવેકબુધ્ધિથી ફટાકડા ફોડી પર્યાવરણની સુરક્ષા કરીએ**



દિવાળીમાં લાખો રૂપિયાના ફટાકડા ફુટતા હોય છે. ફટાકડાના લીધે અવાજની સાથે હવાનુ પ્રદુષણ થાય છે. ૮૦ ડેસીબલથી વધુ અવાજ કરતા ફટાકડાના લીધે મોટુ ધ્વનિ પ્રદુષણ થાય છે. જયારે સુતળી બોમ્બથી ૧૦૦ થી ૧૨૦ ડેસીબલ સુધી અવાજ પેદા થાય છે. જયારે ૬૦ ડેસીબલ સુધીનો અવાજ આપણા માટે યોગ્ય છે. તેનાથી વધુ ડેસીબલનો અવાજ માનસિક તણાવ, બી પી વધારી શકે છે. જયારે નાના બાળકોની શ્રવણ શકિતને પણ અસર કરે છે. તારામંડલ કોઠી જેવા ફટાકડામાંથી પુષ્કળ ધુમાડા નિકળતા હોય છે જેથી દિવાળીમાં ઈકો ફ્રેન્ડલી ફટાકડા ફોડવા જોઈએ. ગ્રીન સીટીના લીધે શહેરમાં પ્રદુષણની અસર એટલી બધી જણાંતી નથી. જયારે દિલ્હીમાં પ્રદુષણ વધતા પ્રતિબંધ મુકી દેવાયો છે. ગાંધીનગરવાસીઓએ ધુમાડા ઓકતા અને અવાજ કરતા ફટાકડા કરતા ઓછા અવાજ વાળા ફટાકડાથી આનંદ લેવો જોઈએ. વિવેક બુધ્ધિથી ફટાકડા ફોડીને પર્યાવરણની જાળવણી કરવી જોઈએ.

**ડો અનિલ પટેલ, નિસર્ગ સાયન્સ સેન્ટર**

●●●

**ફટાકડાના ધુમાડાથી ફેફસાને વધુ નુકશાન થશે**



હાલની કોરોનાની મહામારીમાં લાખો લોકો સંક્રમિત થયા છે. જયારે કોરાનાથી ફેફસાને સીધી અસર થાય છે. જયારે ફટાકડાનો ધુમાડો ફેફસાને નુકશાન કરે છે. ફટાકડાથી પ્રદુષણ થાય છે. જયારે પ્રદુષણથી કોરોના સંક્રમિત અને સામાન્ય માણસોના આરોગ્ય પર વિપરિત અસર થાય છે. માટે હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને ફટાકડા પર સંપુર્ણ પ્રતિબંધ મુકવો જોઈએ અને ફટાકડાના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી અને ફેરિયાઆને સરકારે આર્થિક મદદ કરવી જોઈએ.

**અંકિત બારોટ, નગર સેવક**

●●●

**તિવ્ર ધડાકા અને ધુમાડાવાળા ફટાકડાથી દુર રહો**



અત્યારના કોવિડ ૧૯ ની મહામારીના સંજોગોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને શ્વાસ લેવામાં તકલીફ થતી હોય છે. જયારે જેમના ફેફસા ચેપગ્રસ્ત હોય તેવી વ્યકિતને ફટાકડાના ધુમાડાના કારણે શ્વાસોશ્વાસમાં ખુબ જ તકલીફ થતી હોય છે. જયારે ફટાકડાના અવાજના લીધે પશુ પક્ષીઓ પણ ગભરાઈ જતા હોય છે. ઘણીવાર આઘાતથી મૃત્યુ પણ પામે છે.આથી તિવ્ર અવાજ અને ધુમાડાવાળા ફટાકડાના બદલે અબાલવૃધ્ધ સહુને નિર્દોષ આનંદ આપી શકે તેવા અવાજરહીત નહીવત ધુમાડા ફેલાવતુ દારુખાનુ સમસ્ત જીવ માટે હીતાવહ રહેશે.

**પ્રદીપ સોલંકી, જીવદયા પ્રેમી**

●●●

**માસ્ક પહેરો ફટાકડા ફોડતી વેળાએ સેનેટાઇઝરથી દુર રહો**

દિવાળી નજીક આવી રહી છે ... પણ કોરોના વાયરસની મહામારીના સંજોગામાં પણ તહેવાર પ્રત્યેનો ઉત્સાહ જળવાયેલો રહે તે અનિવાર્ય છે. તમારા ઉત્સાહને જાળવીને જ રાખો કારણ કે સરકારની ગાઈડલાઈનનુ પાલન કરીને તમે તહેવારની મજા માંણી શકો છો. સર્વેની સલામતીને ધ્યાને લઈને સરકારે તહેવારોની ઉજવણીને અનુલક્ષીને જે નિયમો જાહેર કર્યા છે. તેનુ યોગ્ય પાલન થાય તે પણ જરૂરી છે. જે મુજબ નાગરિકોએ સોશિયલ ડિસ્ટન્સીંગનુ પાલન કરવુ જોઈએ. ધડાકાવાળા ફટાકડાથી દુર રહેવુ જોઈએ. દિવો અને કેન્ડલથી સેનેટાઈઝર દુર રાખવુ આ ઉપરાંત દિવો કરતા તેમજ ફટાકડા ફોડતા પુર્વે સેનેટાઈઝરનો ઉપયોગ ન કરવો જોઈએ. વડીલોએ ઘરમાં જ રહીને તહેવારની મજા માંણવી જોઈએ. ફટાકડા ફોડતી વેળાએ પાણી નજીકમાં જ રાખવુ અને ફરજિયાત માસ્ક પહેરવુ પણ અનિવાર્ય છે.



**ડો મીહીર પંડયા**

●●●

**માણસે થોડુ સમાધાન કરવુ જોઇએ**

હાલ કોરોના વાયરસની મહામારીને ધ્યાને લેતા જો ફટાકડા ન ફોડવામાં આવે તો જનસુખાકારીના હીતમાં છે. ઘણાને સામાન્ય સંજોગોમાં પણ ફટાકડાના લીધે શ્વાસ લેવામાં તકલીફ થતી હોય છે ત્યારે હાલ આ સ્થિતિમાં વધુ નુકસાન થાય તેમ છે. આમ પણ આપણે કુદરત પાસેથી ઘણુ બધુ લીધુ છે અને લેતા રહીશુ ત્યારે પર્યાવરણ અને જન આરોગ્યના બચાવ માટે જરૂરી થતુ હોય તે કરવુ જોઈએ. આપણે લોકડાઉનમાં પણ જોઈ લીધુ કે પ્રદુષણની માત્રા કેટલી બધી ઘટી ગઈ હતી. હાલના સંજોગોમાં માણસ થોડુ સમાધાન કરે તો પર્યાવરણની સુરક્ષા માટે વધુ હીતકારી રહેશે.



**મોહક ઝાટકીયા, યુવા વેપારી**

●●●

**ફટાકડા ફોડવાના મામલે બે દાયકાથી પ્રતિબંધ તો છે..!!**

ફટાકડાએ હવા પ્રદુષણનુ ઘટક છે. તેમાંથી ઓકસાઈડ ઓફ સલ્ફર અને ઓકસાઈડ ઓફ નાઈટ્રોજન એ બન્ને હવા પ્રદુષણના પેરામીટર્સને ઓથોરીટી દ્વારા માપવામાં આવે છે. દર વર્ષે દિવાળી વખતે આના પરિણામો લેવાય છે અને વાર્ષિક રીપોર્ટમાં પ્રસિધ્ધ પણ કરવામાં આવે છે. એવી જ રીતે અવાજનુ પ્રદુષણ માપીને રજુ કરવામાં આવે છે. આ વખતે ફટાકડા પર પ્રતિબંધ મુકવાની જાહેરાત કરે છે પરંતુ આ કાયદો અમલમાં જ છે. રાત્રિના ૧૦ થી સવારે ૬ સુધી અવાજનુ પ્રદુષણ ન થાય તે નિયમ વર્ષ ૨૦૦૦થી અમલમાં છે. ફટાકડાની વાત છે તે હોસ્પિટલથી ૧૦૦ મીટરથી દુર જ હોવુ જોઈએ. તેનો અમલ પણ હજુ થતો નથી. જવાબદાર તંત્ર પણ ધ્યાન આપતુ નથી. પોલીસ અને પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કામે લાગે તો કામ થાય.. કોરના હોય કે ન હોય..ફટાકડા આરોગ્યને નુકશાન કરે છે.

**નરેશ ઠાકર, પર્યાવરણ પ્રેમી**

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, એ જાણવા આવ્યો છું કે કોરોનાની લાઈફ કેટલી હોય ? આ ત્રીજી નવેમ્બરે કોરોના એક વર્ષનો થયો હવે એ કેટલા કાઢશે...?**

# સરગાસણમાં ગેસ લીકેજની ભીષણ આગ

ગાંધીનગર, તા.૭

સરગાસણ ગામના ઘરમાં શનિવારના રોજ સવારના સમયે અચાનક આગ ભભુકી ઉઠી હતી. ગેસ સિલિન્ડરમાં લીકેજને પગલે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. આગને પગલે ઘરમાં રહેલી ઘરવખરી સહિત સોકેસમાં મુકેલા રૂ.૫ હજાર પણ બળીને ભસ્મીભુત થઈ ગયા હતા. આગને આસપાસના વ્યકિતઓના જીવ પણ પડીકે બંધાઈ ગયા હતા. ફાયરની ટીમ સમયસર પહોંચીને સળગી રહેલો ગેસનો બાટલો બહાર લાવીને તેના પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે ગેસ સિલિન્ડર ફુટે તો ઘર અને આસપાસના નાગરીકોને





પણ નુકશાન થવાની ભિતી હતી.

મળતી વિગત મુજબ સરગાસણ ગામના ઠાકોરવાસ ચાંમુડા માતાજીના મંદિર પાસે રહેતા લલીબેન શકરાજી ઠાકોર (ઉં.૬૦) સવારના સમયે ઘરે જમવાનું બનાવી રહ્યા હતા. તે સમયે ગેસ સિલિન્ડરમાં લીકેજને પગલે અચાનક આગ ઘરમાં આગ ભભુકી ઉઠી હતી. આગ ને પગલે લલીબેન ઘરની બહાર દોડી આવ્યા હતા. આગની જાણ થતા ગામના ભાઈ બહેનોએ આગ પર પાણી છાંટીને કાબુમાં કરવા પ્રયત્ન કર્યો હતો. જયારે બનાવની જાણ ફાયર વિભાગને કરતા તાત્કાલીક ટીમના સભ્યો એ પહોંચીને ઘરમાંથી ગેસનો બાટલો સળગી રહેલી હાલતમાં બહાર કાઢીને પાણીનો છંટકાવ કરીને આગ પર કાબુ મેળવી લીધો હતો. જયારે ફાયર ટીમ આવે તે પહેલા આગને પગલે ઘરમાં રહેલી કેટલીક જરુરી ચીજવસ્તુઓ તેમજ લલીબેને મહેનત કરીને એકઠા કરેલા રૂ.૫ હજાર રોકડા અને સોકેશ પણ આગની લપેટમાં આવી ગયું હતું. આગને પગલે આસપાસના નાગરીકોના જીવ અધ્ધર થઈ ગયા હતા. જયારે સમસ્ત ગામમાં આગની ચર્ચા દિવસ દરમિયાન સાંભળવા મળી હતી.

# દહેગામ ખાતે ટીબીના ટુનાટ મશીનનું સફળ ઈન્સ્ટોલેશન કરાયું

## આ મશીન દ્વારા ટીબીના રોગનું ઝડપી નિદાન થશે

ગાંધીનગર, તા.૭

ભારતભરમાંથી વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબીના રોગને નેસ્તનાબુદ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આહ્વાન કર્યુ છે. જે અંતર્ગત ભારત સરકાર દ્વારા ટીબી અને હઠીલા ટીબીનું ઝડપી નિદાન થાય તે માટે આધુનિક ટુનાટ મશીન દહેગામ સામુહિક કેન્દ્રને ફાળવવામાં આવ્યું છે. જેથી હવે દહેગામ તાલુકાના દર્દીઓને ટીબી તપાસ માટે ગાંધીનગર સિવિલ સુધી લાંબા થવાની જરુર નથી. આ ટુનાટ મશીન દ્વારા ટીબીના દર્દીનું ઝડપી નિદાન થશે. તે ઉપરાંત આ મશીન દ્વારા ખાનગી દર્દીઓની પણ તપાસ અન્ય ડોકટર કરાવી શકશે. ખાનગી લેબોરેટરીઓમાં ટુનાટ મશીન દ્વારા ટીબીની તપાસ કરવાના દર્દીઓને રૂ.૨૦૦૦ થી ૨૫૦૦ રૂપીયા ચુકવવા પડે છે.પરંતુ દહેગામ સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે દર્દીને ટીબીની તપાસ વિનામુલ્યે કરી આપવામાં આવશે. આ ટુનાટ મશીનનો ફાયદો દહેગામ તાલુકાના તમામ નાગરીકોને મળી રહેશે તેમ જિલ્લા ક્ષય અધિકારી ડો.એમ.બી. ચૌહાણે જણાવ્યું છે.



આ ટુનાટ મશીનનું ઉદ્દ્ઘાટન દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિકારી ડો. નયન સ્વામીનારાયણ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર, લેબ ટેકનીશીયન અને જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગરના સ્ટાફના કર્મચારી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# મેટ્રો રૂટના સિકયોરીટી ગાર્ડને નિયમિત પગાર ચૂકવાય છે

ગાંધીનગર, તા.૭

અમદાવાદ મેટ્રો રૂટના સિકયોરીટી ગાર્ડને નિયમિત રીતે પગાર ચુકવવામાં આવે છે તેવો ખુલાસો ગુજરાત મેટ્રો કોર્પોરેશન લી. દ્વારા કરવામાં આવ્યો છે.

અમદાવાદમાં મેટ્રો રૂટ પર ફરજ બજાવતા સિકયોરીટી ગાર્ડસને નિયમિત રીતે પગારની ચુકવણી કરવામાં આવતી ન હોવાના સમાચાર અખબારોમાં છપાતા આ બાબતે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને જણાવ્યું છે કે, સિકયોરીટી ગાર્ડસને કંપની દ્વારા નિયમિત રીતે પગાર ચુકવવામાં આવે છે તેમનામાં કોઈ અસંતોષની બાબત નથી.

# સુઘડની મહિલાને ત્રાસ આપતા પતિ, સાસુ-સસરા સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૭

દિકરીના જન્મ બાદ સાસરીયાઓએ પરિણિતા પાસે પૈસાની માંગણી કરીને શારીરીક-માનસિક ત્રાસ આપતા હોવાના આક્ષેપ સાથે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. સુઘડ નજીક બંગ્લોઝમાં રહેતી મહિલાને તુ કરીયાવરમાં કંઈ લાવી નથી તેમ કહીને પૈસાની માંગ કરીને ત્રાસ આપતા પતિ, સાસુ સસરા સામે ફરીયાદ થવા પામી છે.

મળતી વિગત મુજબ સુઘડ નજીક શિખર બંગ્લોઝ ખાતે રહેતી દિવ્યા હિતેશ બકસાની (રહે.૫૫ શિખર બંગ્લોઝ સુઘડ) ના લગ્ન હિતેશ હસમતરાય બકસાની વર્ષ ૨૦૧૧ માં થયા હતા. ત્યારબાદ પતિ કાલુપુર પાંચકુવા બીબીસી કલોથ માર્કેટમાં પુજા ફેશન અને વીપી ટેક્ષટાઈલની દુકાન ધરાવે છે. મહિલાના આક્ષેપ મુજબ લગ્ન સમયે સોના-ચાંદીના દાગીના અને વાસણ સહિતનો કરીયાવર આપવામાં આવ્યો હતો. લગ્નજીવન દરમિયાન વર્ષ ૨૦૧૩ માં તેમને ત્યાં દિકરીનો જન્મ થયો હતો. મહિલાના આક્ષેપ મુજબ દિકરીના જન્મ બાદ સાસરી પક્ષના સભ્યો નારાજ થઈ ગયા હતા.સાસુ આરતી બેન અને સસરા હસમતરાય પતિને ખોટી ચઢામણી કરીને મહિલા વિરુધ્ધ ભડકાવતા હતા. લગ્ન જીવન ડામાડોળ ન થાય તે માટે મહિલા બધુ સહન કરી રહી હતી. વર્ષ૨૦૧૭માં દિવાળી સમયે અમૃતસર ફરવા માટે ગયા હતા તે સમયે પણ પતિએ નાની સરખી વાતમાં પતિ ગુસ્સે થઈ ને અપશબ્દો બોલીને મુઢ માર માર્યો હતો. જયારે પતિ, સાસુ અને સસરા તું કરીયાવરમાં કંઈ લાવી નથી, કહી પૈસાની માંગણી કરતા હતા. જેથી મહિલાના પિતાએ સમયાંતરે રૂ.૪ લાખ આપ્યા હતા. આમ છતા પૈસાની માંગણી કરતા હતા. મે માસમાં મહિલા પિયર આવી ગઈ હતી. તે સમયે મહિલાને પતિએ ફોન કરી ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો. જયારે જુન માસમાં મહિલાના પિયરમાં આવીને પતિએ હંગામો કર્યો હતો.જેથી ફરીયાદી પિયરમાં રોકાઈ ગઈ હતી. મહિલાના પરિવારના સભ્યોએ સમાધાન માટે પ્રયત્નો કર્યા હતા. પરંતુ મહિલાનો પતિ માનતો ન હતો, જેથી સમગ્ર મુદ્દે મહિલાએ પતિ, સાસુ-સસરા સામે શારીરીક-માનસિક ત્રાસ આપવાની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના પૂર્વ કલેક્ટર એમ.સી. નાયક (આઈએએસ-આરટીઓ-૧૯૭૮)ના ધર્મપત્ની શ્રીમતિ શકુંતલાબેન એમ. નાયકનું આજરોજ ટુંકી માંદગી બાદ અવસાન થયુ છે. સ્વર્ગસ્થની અંતિમયાત્રા આજે સવારે ૮.૩૦ કલાકે સે. ૨૨ના તેમના નિવાસસ્થાન ૧૭૬, આનંદવાટિકા ખાતે નીકળી સે. ૩૦ના મુક્તિધામ ખાતે જશે.

## દુ:ખદ અવસાન

જાણીતા શિક્ષણવિદ્ અને ગાંધીનગર સમાચારના કટાર લેખક પ્રો. રશ્મિકાન્ત પી. મહેતાના ધર્મપત્ની શિવાનીબેન (ગાર્ગીબેન)નું અમેરિકામાં ટૂંકી માંદગી બાદ દેહાવસાન થયું છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

**ટચૂકડી જાહેર ખબર**

**Change of Name**

I have changed my name from Samson Abraham to Samson Abraham Anterickal

**નામ બદલેલ છે**

મારું નામ સેમસન અબ્રાહમને બદલીને સેમસન અબ્રાહમ એન્ટરિકલ કરેલ છે.

**Change of Name**

I have changed my name from Dolly Samson Abraham to Dolly Samson Anterickal

**નામ બદલેલ છે**

મારું નામ ડોલી સેમસન અબ્રાહમમાંથી બદલીને ડોલી સેમસન એન્ટરિકલ કરેલ છે.

**Change of Name**

My name in passport no. E 7913181 is Abraham Nathaniel Samson it is changed to Nathaniel Samson Anterickal

**નામ બદલેલ છે**

પાસપોર્ટ નં ઈ ૭૯૧૩૧૮૧માં લખેલ નામ અબ્રાહમ નથાનિયેલ સેમસનને બદલીને નથાનિયેલ સેમસન એન્ટરિકલ કરેલ છે.